# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. દિલ્હી પોલીસનો જંતર-મંતર ખાતે CJP દ્વારા પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન માટે પરવાનગીનો ઇનકાર.
2. ગૃહ મંત્રાલયનો તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દિલ્હી આવી રહેલા પ્રદર્શનકારીઓને અટકાવવા માટે પગલાં લેવાનો નિર્દેશ.
3. ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી કે તે પરમાણુ ધમકીઓથી ડરશે નહીં અને કોઈપણ આતંકવાદી હુમલાનો વળતો જવાબ આપશે.
4. UAEના શારજાહ બંદર પર ડ્રોનથી ટકરાયેલા પનામાના ક્રૂડ ઓઇલ ટેન્કરમાં સવાર તમામ 22 ભારતીય ખલાસીઓ સુરક્ષિત.
5. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સિંગાપોરના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય સહયોગ સુદ્રઢ કરવા ચ ર્ચા કરી.
6. ભારતનો આવતીકાલે ઇન્દોરમાં ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઇન્ડીઝ સાથે મુકાબલો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DEHLI POLICE

દિલ્હી પોલીસે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં જંતર-મંતર ખાતે CJP દ્વારા પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો છે. અગાઉ માર્ગદર્શિકાના ઉલ્લંઘન અને જાહેર સલામતીની ચિંતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, દિલ્હી પોલીસના સંયુક્ત કમિશનર નુપુર પ્રસાદે જણાવ્યું હતું કે, જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન અથવા અન્ય કાર્યક્રમો યોજવા માટે પરવાનગી માંગતી અરજીઓ ઓછામાં ઓછા 10 દિવસ અગાઉ સબમિટ કરવી આવશ્યક છે.

શ્રીમતી પ્રસાદે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 163 હેઠળ પ્રતિબંધિત આદેશો હાલમાં આ વિસ્તારમાં અમલમાં છે, જેમાં જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. દરમિયાન, સુરક્ષા કારણોસર, 45 મેટ્રો સ્ટેશનો પર પ્રવેશ અને બહાર નીકળવાનો માર્ગ આજે સાંજે 06:00 વાગ્યા સુધી બંધ રહેશે. જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય, લોક કલ્યાણ માર્ગ, રાજીવ ચોક, નવી દિલ્હી, સેવા તીર્થ અને મંડી હાઉસના મેટ્રો સ્ટેશનો બંધ રહશે. દિલ્હી ટ્રાફિક પોલીસે રાષ્ટ્રીય રાજધાનીના વિવિધ ભાગોમાં ટ્રાફિક ડાયવર્ઝન માટે સલાહ પણ આપી છે.

# HOME MINISTRY – NOTIFICATIONS

ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને દિલ્હી પોલીસ સાથે સંકલન કરવા અને વિરોધ પ્રદર્શન માટે રાષ્ટ્રીય રાજધાની આવી રહેલા પ્રદર્શનકારીઓને અટકાવવા માટે સાવચેતીનાં પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. મતદાર યાદીઓના 'વિશેષ સઘન સુધારણા'માં કથિત અનિયમિતતાઓને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી માટે પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે.

તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિર્દેશકોને લખેલા પત્રમાં, મંત્રાલયે દેશના વિવિધ ભાગોમાંથી CJP સમર્થકો દ્વારા પરવાનગી વિના દિલ્હીમાં પ્રવેશવાના કથિત પ્રયાસોને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સાવચેતીભર્યા પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે આ શાંતિ અને વ્યવસ્થા માટે ખતરો ઉભો કરી શકે છે.

# INDIA-PAK TERRORISM

ભારતે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે તે પરમાણુ ધમકીઓથી ડરશે નહીં અને કોઈપણ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપશે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના વરિષ્ઠ સલાહકાર અનમોલ શેર બેદીએ ગઈકાલે ન્યુ યોર્કમાં જીનીવા નિઃશસ્ત્રીકરણ પરિષદમાં યુએન જનરલ એસેમ્બલીની પ્રથમ સમિતિની બેઠકમાં સંબોધન દરમિયાન આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ સામાન્ય સરકારી નીતિના સાધન તરીકે થવો જોઈએ નહીં. શ્રી બેદીએ ચેતવણી આપી કે આતંકવાદી પ્રવૃત્તિઓના સંરક્ષણ માટે પરમાણુ ધમકીઓનો ઉપયોગ તણાવ વધવાનું કારણ  બની શકે છે.

# SONOWAL-VESSEL ATTACK

સંયુક્ત આરબ અમીરાતના શારજાહ બંદર પર ગઈકાલે ડ્રોનથી ટકરાયેલા પનામાના ક્રૂડ ઓઇલ ટેન્કરમાં સવાર તમામ 22 ભારતીય ખલાસીઓ સુરક્ષિત છે. કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે આ બાબતને પુષ્ટિ આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સોનોવાલે કહ્યું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું કે ભારતીય ક્રૂની સલામતી સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓ જહાજની મેનેજમેન્ટ કંપની સાથે સંપર્કમાં છે.

દરમિયાન ભારત અને લાઇબેરિયાએ આવા હુમલાઓને તાત્કાલિક બંધ કરવા માટે સંયુક્ત અપીલ જાહેર કરી છે.

# NABIN- OPPOSITION

ભાજપના રાષ્ટ્રીયઅધ્યક્ષ નીતિન નબીને વિપક્ષો પર દેશમાં અસ્થિરતા પેદા કરવાના પ્રયાસો કરી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે ભારતીય લોકશાહીમાં અપાર શક્તિ છે અને દેશના લોકો આવા કોઈપણ પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે એક થશે. વધુમાં તેમણે આમ જણાવ્યું..

(BYTE: NITIN NABIN)

# MANDAVIYA - BRICS SPORTS

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવીયા સોમવારે અમદાવાદમાં બ્રિક્સ પરંપરાગત અને સ્વદેશી રમતગમત પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. આ રમતોનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ગુજરાત સરકારના સહયોગથી ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ હેઠળ કરવામાં આવી રહ્યું છે. મંત્રાલયે જણાવ્યું કે  રમતગમત દ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાન, વારસાનું સંરક્ષણ અને લોકો-થી-લોકોના સહયોગને પણ પ્રોત્સાહન આપશે.

આ સાથે ઇવેન્ટની બાજુમાં મુલાકાતી પ્રતિનિધિમંડળો સાથે દ્વિપક્ષીય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોનો હેતુ રમતગમતમાં સહયોગને મજબૂત કરવા અને બ્રિક્સ માળખામાં પરંપરાગત અને સ્વદેશી રમતોને પ્રોત્સાહન આપવા માટે તકો શોધવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP ABHIYAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે, જન સેવા થી દેશ સેવાના મંત્ર દ્વારા પ્રેરિત આજની વિશેષ શ્રેણીમાં ઝારખંડના આદિવાસી નાયકોના બહાદુરી અને બલિદાન અને સ્વતંત્રતા સેનાનીઓને સમર્પિત નવા બનેલા સંગ્રહાલય પરનો આ ખાસ અહેવાલ સાંભળીએ.**

## (CAPSULE: JAYESH VEGADA)

*(ઝારખંડની પવિત્ર ભૂમિની માટીનો દરેક કણ સ્વતંત્રતા સંગ્રામની અમર ગાથાઓનું વર્ણન કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ રાંચીની જૂની સેન્ટ્રલ જેલમાં 142 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા ભવ્ય આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયે દેશમાં એક નવી ચેતના જગાવી હતી.30 એકરમાં ફેલાયેલું, આ સંગ્રહાલય સિદ્ધુ-કાન્હુ, વીર બુધુ ભગત, ગયા મુંડા અને ભગવાન બિરસા મુંડા જેવા આદિવાસી નાયકોના સંઘર્ષોને જીવંત બનાવતા હોવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.*

*(S/B- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)*

*સંગ્રહાલય અંગે સ્થાનિક ગ્રામજન આનંદ ઓરાઓન કહે છે કે અહીં પૂર્વજોના પરંપરાગત સાધનો, કપડાં અને દુર્લભ કલાકૃતિઓને જોઈને ગર્વ થાય છે.*

*(S/B- ગ્રામજનો)*

*ભગવાન બિરસા મુંડાના વંશજ સુખરામ મુંડા કહે છે કે ગૌરવ દિવસ દ્વારા, આજે સમગ્ર વિશ્વ આપણા નાયકોના બલિદાનનું સન્માન કરી રહ્યું છે.*

*(S/B- સુખરામ મુંડા)*

*સાંસ્કૃતિક વારસાના સંરક્ષણની સાથે, આદિવાસી વિસ્તારોમાં માળખાકીય વિકાસ પણ આજે ઝારખંડની નવી ઓળખ બની રહી છે.*

*જયેશ વેગડા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# SITHARAMAN-SINGAPORE PREZ-PM

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન શનમુગરત્નમ અને પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ સાથે દ્વિપક્ષીય સહયોગ, વૈશ્વિક આર્થિક વિકાસ અને રોકાણની તકોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, શ્રીમતી સીતારમણે ગઈકાલે સિંગાપોરના રાષ્ટ્રપતિ સાથે કરેલી બેઠકમાં ભારત અને સિંગાપોર વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગે નાણામંત્રીનું સ્વાગત કરતાં કહ્યું કે ચર્ચા વૈશ્વિક આર્થિક વિકાસ અને વર્તમાન ઉર્જા સંકટને પહોંચી વળવા માટેના પગલાં પર કેન્દ્રિત છે. સિંગાપોરના વિદેશ મંત્રીએ સિંગાપોરની કંપનીઓ માટે ભારતની લાંબા ગાળાની વિકાસ યાત્રામાં ભાગ લેવાની તકો અંગે વાત કરી હતી.

# RAJNATH TARANG SHAKTI

સંરક્ષણમંત્રી  રાજનાથ સિંહ આજે રાજસ્થાનના જોધપુરમાં એરફોર્સ સ્ટેશન ખાતે બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત તારંગ શક્તિના મુખ્ય કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા. તેમણે ભારતીય વાયુસેના અને ભાગ લેનારા વિદેશી વાયુસેનાના કર્મચારીઓ સાથે વાતચીત કરીણે આધુનિક ફાઇટર એરક્રાફ્ટના પ્રભાવશાળી હવાઈ પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું.  આ બહુરાષ્ટ્રીય કવાયત વિવિધ દેશોના હવાઈદળને  તેમની કાર્યકારી ક્ષમતાઓ, અદ્યતન ઉડ્ડયન તકનીકો અને લશ્કરી સંકલન દર્શાવવા માટે એકસાથે લાવે છે.

# CRICKET - 3RD T20I - IND-WI

પુરુષોની ક્રિકેટમાં, ભારત આવતીકાલે ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઇન્ડીઝ સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે રાંચીમાં વેસ્ટ ઇન્ડીઝે ભારતને છ વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણી 1-1 થી સરભર કરી છે.